દાદા ભગવાન પરિવારનું

માર્ચ ૨૦૨૩

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# રાજા શ્રેણિક

## સંપાદકીય

બાળમિત્રો,

શું તમને બધાને યાદ છે કે જાન્યુઆરી ૨૦૨૦માં ત્રણ હજાર મહાત્માઓને એક જેકપોટ લાગ્યો હતો ? પૂજ્યશ્રી સાથે સંમેતશિખરની જાત્રાનો જેકપોટ ! એ જાત્રા દરમિયાન રાજગીર ગામમાં ચાર દિવસ સત્સંગનું આયોજન થયું હતું.

રાજગીર (રાજગૃહી) એટલે એ ભૂમિ જે લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા મહાવીર પ્રભુના ચરણસ્પર્શથી પાવન બની હતી. આ રાજગીર ગામના નિર્માણનું સૌભાગ્ય શ્રેણિક રાજાને પ્રાપ્ત થયું હતું.

ચાલો, આ અંકમાં શ્રેણિક રાજાનો થોડો પરિચય મેળવીએ. કેવી રીતે શ્રેણિક રાજા મહાવીર પ્રભુના ભક્ત બન્યા ? મહાવીર પ્રભુના દર્શનથી એમને શું પ્રાપ્ત થયું ? શું એમનાથી જીવનમાં કોઈ ભૂલ થઈ હતી ? એ ભૂલથી આપણે શું શીખી શકીએ ?

તો, થીઓ અને ફ્રેન્ડ્સ સાથે એમની જર્નીમાં (મુસાફરીમાં) જોડાઈને શ્રેણિક રાજાના જીવનની વાતો જાણીએ અને સાથે સાથે સાચી સમજણ પણ મેળવીએ.

- ડિમ્પલ મહેતા


વર્ષ : ૧૫, અંક : ૭
સળંગ અંક : ૧૭૫
માર્ચ ૨૦૨૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.




# રાજગીરીના પ્રવાસે...

અમેરિકાથી થીઓ અને એની ટોળી લેન્ડ થઈ છે બિહારના 'રાજગીર' ગામમાં...


હા, હા... ગામમાં ! અમેરિકાની સગવડોને બાય બાય કહીને પ્લેન અહીં લેન્ડ તો થઈ ગયું છે, પણ સાથે સાથે રીઝોના મૂડમાં ક્રેશ લેન્ડિંગ થયું છે. એ તો હૉટલ રૂમની બહાર નીકળવા તૈયાર જ નથી.

પણ બાકીના ફ્રેન્ડ્સ તો રાજગીરમાં મજા કરવા માટે એકદમ રેડી છે. થીઓ તો નવું નવું જાણવાની સાથે લીટી ચોખા એટલે કે બિહારની ફેમસ આઈટમ ખાવા માટે પણ ઉતાવળો બન્યો છે. ઝોઈએ એવી માહિતી આપી છે કે આ ગામ શ્રેણિક રાજાએ બનાવ્યું છે. અને એટલે જ એ શ્રેણિક રાજા વિશે વધુ માહિતી મેળવવા ઉત્સાહી છે.

અને સૌથી વધારે જો કોઈ ઉત્સુક હોય તો એ છે જીફ્ફી ! આ જગ્યા એણે જ સિલેક્ટ કરી છે. જ્યારથી એને ખબર પડી છે કે આ ગામ આવતી ચોવીસીના પહેલા તીર્થંકર ભગવાને બનાવ્યું છે ત્યારથી એનો આનંદ સમાતો જ નથી. એ કેવા હતા ? એ કોણ હતા ? મહાવીર ભગવાન સાથે એમનું શું કનેક્શન હતું ? એ બધું જ એને જાણી લેવું છે.


અને તમને તો ખબર જ છે ને કે જ્યારે થીઓ અને ફ્રેન્ડ્સ કંઈ શોધવાનું નક્કી કરે તો એ લોકો શોધીને જ રહે. પણ શું રીઝોના સપૉર્ટ વગર આ ટોળી કામયાબ થશે ? ચાલો જોઈએ...






મગધનું સિંહાસન
મગધ રાજ્યના રાજા પ્રસેનજિતનો પુત્ર શ્રેણિક ખૂબ બુદ્ધિશાળી અને પરાક્રમી હતો. બધા રાજકુમારોમાં એ રૂપથી અને ગુણથી જુદો તરી આવતો.
એક વખત રાજા પ્રસેનજિતે બધા જ રાજકુમારોની પરીક્ષા લેવાનું વિચાર્યું. જે કુમાર પરીક્ષામાં પાર ઊતરે એને રાજ્ય સોંપવાનું નક્કી કર્યું.
બધા કુમારોને એક ઓરડામાં બોલાવ્યા,
આ થેલામાં લાડવા છે, થેલાનું મોં સીવેલું છે. અને આ પાણીથી ભરેલા ઘડા છે જેના ઢાંકણ બંધ છે.
થેલાનું અને ઘડાનું મોં ખોલ્યા વગર લાડવા ખાવાના અને પાણી પીવાનું છે.
આવું તો કેવી રીતે બને ?
ભૂખ્યા અને તરસ્યા સહુ એકબીજાના મોં જોઈને બેસી રહ્યા.


પણ શ્રેણિક કુમાર તો બેસી રહે એવા નહોતા.
ચાલો, અન્ન-જળ લઈએ.
શ્રેણિકે થેલાને ખૂબ હલાવ્યો. અંદરના લાડુ ભાંગીને ભૂકો થઈ ગયા. કુમારે હલાવી હલાવીને એ ભૂક્કો નીચે પાડ્યો.
આ ખાઈ લો.
સહુએ લાડુનો ભૂક્કો ખાઈને પેટ ભર્યું.
પણ પાણી કેવી રીતે પીવું ?
ઘડાઓની ઉપર કપડું વીંટાળી દો. ઘડા નવા છે, એટલે એમાંથી પાણી *ઝમશે.
ઝમેલું પાણી કપડાં ઉપરથી નીચોવીને સહુએ તરસ છીપાવી.
*ઝમશે - ટપકવું
વાહ ! મારો પુત્ર શ્રેણિક સહુથી બુદ્ધિશાળી છે. રાજગાદી તો એને જ સોંપીશ.


રાજાએ બીજા કુમારોને નાના નાના પ્રદેશ વહેંચ્યા. પણ શ્રેણિકને રાજગાદી સોંપવા માટે રાહ જોઈ.
મારું આવું ઘોર અપમાન ! પિતાજીએ મને કંઈ જ ના આપ્યું. હું આ રાજ્ય છોડીને જઉ છું અને કદી પાછો નહીં આવું.
શ્રેણિક કુમાર સમુદ્ર કિનારે આવેલા એક શહેરમાં જઈને વસ્યા. પોતાની હોશિયારીથી સારો વ્યાપાર કરવા લાગ્યા.
બીજી બાજુ, પ્રસેનજિત રાજા ખૂબ બીમાર પડ્યા.
સૈનિકો શ્રેણિકને શોધતા શોધતા એમની પાસે આવી ચઢ્યા...
આપના પિતાજી મરણપથારીએ છે અને આપને ખૂબ યાદ કરે છે.



શ્રેણિકને પિતાજી પ્રત્યે લાગણી ઊભરાઈ આવી અને તેઓ પિતાજી પાસે દોડી ગયા.
પુત્ર, રાજગાદી તો મારે તને જ સોંપવી હતી. હું તો બસ યોગ્ય સમયની રાહ જોઈ રહ્યો હતો.
ઓહો, મારાથી કેટલી મોટી ભૂલ થઈ ગઈ ! હું આપનો હેતુ ના સમજ્યો.
રાજા પ્રસેનજિતે મગધનો મુગટ શ્રેણિકને પહેરાવ્યો અને ભક્તિ કરતા કરતા મૃત્યુ પામ્યા.
શ્રેણિક રાજાએ મગધનું સિંહાસન શોભાવ્યું અને એક નવી નગરી વસાવી જેનું નામ રાખ્યું 'રાજગૃહી'.




# ચાલો રમીએ...

અહીં બતાવેલ ચિત્ર, બાજુના ચિત્રમાંથી ગણો અને આપેલ ખાલી જગ્યામાં લખો.






# મહાવીર સ્વામીના ભક્ત બન્યા...

શ્રેણિક રાજાના પત્ની રાણી ચેલણા મહાવીર પ્રભુના ચુસ્ત ભક્ત હતા. પણ આ વાત શ્રેણિક રાજાને પસંદ નહોતી. તેમને લાગતું હતું કે મહાવીર પ્રભુના સાધુઓ ઢોંગી છે.

એકવાર શ્રેણિક રાજા શિકાર કરવા નીકળ્યા. ત્યાં તેમણે સાધુ યમધરને ઊંડા ધ્યાનમાં જોયા. શ્રેણિક રાજાએ પોતાના શિકારી કૂતરાઓને યમધર પાછળ છોડ્યા. પણ સાધુ તો શાંત અને ઊંડા ધ્યાનમાં જ રહ્યા. સાધુની સ્થિરતા જોઈને કૂતરા પણ શાંત થઈ ગયા. શ્રેણિક રાજાને થયું કે સાધુએ કોઈ જાદુ કર્યો હશે. તેથી તેમણે



સાધુ તરફ તીર છોડવા માંડ્યા. પણ તીર ધાર્યા નિશાન પર જતા ન હતા. તેથી શ્રેણિક રાજા બહુ અસ્વસ્થ થયા. અંતે મરેલો સાપ યમધરના ગળા ફરતે વીંટાળીને તેઓ મહેલ તરફ પાછા ફર્યા.

રાજાએ મહેલ પર આવીને રાણી ચેલણાને આખો બનાવ વિગતવાર કહ્યો. રાણીને યમધર સાધુ માટે બહુ દુઃખ થયું. જ્યાં યમધર સાધુ ધ્યાન કરતા હતા ત્યાં તેઓ

રાજાને લઈ ગયા. મરેલા સાપને કારણે કીડીઓ અને બીજા જીવજંતુઓ સાધુના શરીર પર ચઢી ગયા હતા. પણ સાધુ સહેજ પણ ડગ્યા ન હતા.

રાણીએ ખૂબ સાચવીને સાધુના શરીર પરથી કીડીઓ અને જીવજંતુઓ દૂર કર્યા. તેમના શરીર પરથી મરેલા સાપને હટાવ્યો. કીડીઓના કારણે થયેલા ઘા સાફ કર્યા. સાધુના શરીર પર ચંદનનો મલમ લગાવ્યો.

થોડા સમય પછી યમધરે આંખો ખોલી અને રાજા-રાણીને આશીર્વાદ આપ્યા. પોતાને તકલીફ આપનાર રાજા કે પોતાના દુઃખ દૂર કરનાર રાણી વચ્ચે કોઈ ભેદભાવ ન જોયો.

આ જોઈ શ્રેણિક રાજા તેમનાથી ખૂબ પ્રભાવિત થયા. આમ ચેલણા રાણી સાથે શ્રેણિક રાજા પણ મહાવીર પ્રભુના પરમ ભક્ત બન્યા.





અને જીફફી મારા માટે લીટી ચોખા લઈ આવ્યો, તો એ મારો બેસ્ટ ફ્રેન્ડ એટલે કે પરમ મિત્ર બની ગયો.
ઑર્ડિનરી લોકો તો આવું જ કરે ને ! જે ઈન્સલ્ટ કરે એમની સાથે કિટ્ટા અને જે સારું સારું કરે એમની સાથે બુચ્ચા ! પણ યમધર સાધુ તો મહાવીર પ્રભુના શિષ્ય હતા. એટલે એમણે શ્રેણિક રાજા કે ચેલણા રાણીમાં કોઈ ભેદ ના જોયો.
એય જીફફી, હું કંઈ ઑર્ડિનરી નથી ! હું તો એક્સ્ટ્રા ઑર્ડિનરી છું ! મેં તો રીઝોને સેલ્ફી સાથે 'મિસ યૂ'નો મેસેજ પણ મોકલી દીધો છે.

# તીર્થંકર ગોત્ર કેવી રીતે બંધાયું ?

મહાવીર પ્રભુ રાજગૃહી નગરીમાં પધાર્યા હતા. ચેલણા રાણી શ્રેણિક રાજાને મહાવીર પ્રભુના દર્શને લઈ ગયા. ભગવાન સાથે શ્રેણિક રાજાની આ પ્રથમ મુલાકાત હતી. ભગવાનને જોતા જ શ્રેણિક રાજા ભાવવિભોર થઈ ગયા. રાજાના હૃદયમાં ખૂબ ભક્તિભાવ જાગ્યો અને અંદર આનંદ આનંદ થઈ ગયો.

તેમણે ભગવાનના ચરણોમાં અત્યંત ભાવથી સાષ્ટાંગ પ્રણામ કર્યા. એવા ઉચ્ચ ભાવથી રાજાએ ભગવાનના ચરણોમાં વંદન કર્યા, કે તે જ વખતે તેમણે તીર્થંકર ગોત્ર બાંધ્યું અને આ રીતે શ્રેણિક રાજા આવતી ચોવીસીમાં, આપણી જ ભરતભૂમિ ઉપર, પદ્મનાભ પ્રભુ નામે પ્રથમ તીર્થંકર થશે !






*ડીડીમાં જંગલમાં ઈન્ટરનેટ સર્ચ માટે વપરાતું લેપટોપ

Summer Camp 2023

# બાળકો-યુવાનો માટે સંસ્કાર સિંચન શિબિર
## વર્ષ ૨૦૨૩

| | Group D ૪ થી ૭ વર્ષ | | Group C ૮ થી ૧૨ વર્ષ | |
|---|---|---|---|---|
| સેન્ટર | તારીખ | સંપર્ક નંબર | તારીખ | સંપર્ક નંબર |
| સીમંધર સીટી | ૨૨ એપ્રિલ | ૦૭૯-૩૫૦૦૨૧૫૪ | ૨૩, ૨૪ એપ્રિલ | ૦૭૯-૩૫૦૦૨૧૫૪ |
| અમદાવાદ | ૩૧ માર્ચ | ૮૧૪૧૩૭૭૮૩૩ | ૨૬ માર્ચ | ૯૪૨૮૩૮૪૧૧૮ |
| અમરેલી | - | - | ૨૭,૨૮ મે | ૯૪૦૮૮૯૮૭૯૨ |
| અંકલેશ્વર | ૧૪ એપ્રિલ | ૭૯૮૪૧૯૬૩૬૯ | ૨૫ એપ્રિલ | ૯૫૫૮૨૦૩૮૬૮ |
| બરોડા | ૧૬ એપ્રિલ | ૯૮૨૫૦૧૮૯૫૬ | ૨૯, ૩૦ એપ્રિલ | ૯૪૨૮૭૬૭૩૮૩ |
| ભરૂચ | - | - | ૧૩, ૧૪ મે | ૮૩૨૦૭૧૦૬૮૮ |
| ભાવનગર | ૧૬ મે | ૯૯૦૯૪૬૩૧૪૨ | ૧૩, ૧૪ મે | ૯૫૫૮૮૬૦૨૫૯ |
| ભુજ | ૧૧ મે | ૯૪૨૯૨૯૭૨૨૩ | ૧૩, ૧૪ મે | ૮૨૦૦૩૦૩૮૬૬ |
| ધોરાજી | - | - | ૩૦ એપ્રિલ | ૯૫૭૪૦૪૬૦૮૨ |
| ગાંધીધામ | - | - | ૨૩ એપ્રિલ | ૯૪૨૮૩૧૦૭૮૭ |
| જામનગર | ૧૪ મે | ૯૯૨૪૭૮૦૮૭૭ | ૨૦, ૨૧ મે | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| જુનાગઢ | - | - | ૧૬ મે | ૭૯૮૪૩૧૩૩૯૭ |
| મહેસાણા | ૪ જૂન | ૯૪૨૭૩૭૫૧૭૭ | ૩૦ એપ્રિલ | ૯૪૨૭૩૭૫૧૭૭ |
| મોરબી | ૧૨ મે | ૯૭૨૫૧૯૯૧૪૪ | ૧૮ મે | ૯૯૭૮૬૩૩૦૩૫ |
| મુંબઈ | ૮ એપ્રિલ, બોરીવલી, ૧૫ એપ્રિલ, મુલુંડ ૧૬ એપ્રિલ ઘાટકોપર | ૮૬૫૨૮૯૦૦૬૬ | ૧૫ , ૧૬ એપ્રિલ | ૯૮૬૭૯૮૯૨૦૨ |
| નડિયાદ | - | - | ૩૦ એપ્રિલ | ૯૯૭૯૦૭૫૪૩૪ |
| પુના | - | - | ૩૦ એપ્રિલ | ૭૭૭૪૦૭૯૭૮૦ |
| રાજકોટ | ૧૬ એપ્રિલ | ૯૯૭૯૬૨૦૩૧૫ | ૨૨, ૨૩ એપ્રિલ | ૭૭૭૯૦૨૩૭૨૬ |
| સુરત | ૧૬ એપ્રિલ | ૯૯૧૩૧૪૧૬૦૦ | ૨૨, ૨૩ એપ્રિલ | ૯૫૭૪૦૦૮૪૯૮ |
| સુરેન્દ્રનગર | - | - | ૨૯,૩૦ એપ્રિલ | ૯૧૦૬૪૭૭૪૫૯ |
| વિજાપુર | - | - | ૨૮ મે | ૯૪૨૯૭૪૨૫૭૮ |
| વેરાવળ | ૧૨ મે | ૮૯૮૦૪૮૩૬૮૩ | ૧૪ મે | ૯૭૧૨૧૯૧૮૮૭ |
| વલસાડ | - | - | ૪ જૂન | ૯૨૭૬૨૫૨૯૩૦ |


૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઇ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૫ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.


૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રીમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' પર સવારે ૯:૩૦ થી બપોરનાં ૧૨:૦૦, સાંજે ૪:૦૦ થી ૭:૦૦ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઇ શકશે. આ રજીસ્ટ્રેશન ૫ એપ્રિલથી શરૂ થશે. સંપર્ક સૂત્ર ૦૭૯-૩૫૦૦૨૧૫૪

# નર્કગતિ કેવી રીતે બંધાઈ ?




એક દિવસ દેવોની સભામાં શ્રેણિક રાજાની મહાવીર પ્રભુ પ્રત્યેની ભક્તિની ખૂબ પ્રશંસા થઈ. આ સાંભળી એક દેવને શ્રેણિક રાજાની પરીક્ષા કરવાની ઈચ્છા થઈ અને તેઓ એક રોગીનું રૂપ ધારણ કરીને મહાવીર પ્રભુના સભામાં પહોંચી ગયા.




એ રોગી પ્રભુના ચરણસ્પર્શ કરવા ગયો, ત્યાં પ્રભુને છીંક આવી. રોગી બોલ્યો, "મૃત્યુ પામો." શ્રેણિક રાજાને છીંક આવી ત્યારે કહ્યું, "ઘણું જીવો." શ્રેણિક રાજાના પુત્ર અભયકુમારને છીંક આવી ત્યારે કહ્યું, "જીવો અથવા મરો" ત્યાં ઉપસ્થિત એક કસાઈને છીંક આવી ત્યારે કહ્યું, "જીવો પણ નહીં અને મરો પણ નહીં."




ભગવાનને "મૃત્યુ પામો" કહ્યું, એટલે શ્રેણિક રાજા અત્યંત ક્રોધિત થઈ ગયા. રાજાએ સિપાહીઓને રોગીને પકડવાનો આદેશ આપ્યો. પણ ત્યાં તો એ દેવે દિવ્યસ્વરૂપ ધારણ કર્યું અને આકાશમાર્ગે ઊડી ગયા.





શ્રેણિક રાજાએ જ્યારે ભગવાનને આ રહસ્યમય વ્યક્તિની રહસ્યમયી વાતોનો ફોડ પાડવા માટે વિનંતી કરી, ત્યારે ભગવાને કહ્યું કે, "એ એક દેવ હતા, જે શ્રેણિક રાજાની પરીક્ષા કરવા આવ્યા હતા."



ભગવાનને "મૃત્યુ પામો" કહેવા પાછળનો હેતુ એ હતો કે ભગવાન જો મૃત્યુ પામશે તો મોક્ષે જશે. શ્રેણિક રાજાના પુત્ર અભયકુમારને "જીવો અથવા મરો" કહેવા પાછળનો હેતુ એ હતો કે અભયકુમાર જીવશે તો પણ ભક્તિ-આરાધનામાં જીવન ગાળશે અને મૃત્યુ પછી દેવગતિ પામશે.



કસાઈને "જીવો પણ નહીં અને મરો પણ નહીં" એટલા માટે કહ્યું કારણ કે એ જો જીવશે તો વધુ હિંસા કરીને પાપ બાંધશે અને મર્યા પછી પણ નર્કે જશે. શ્રેણિક રાજાને "ઘણું જીવો" કહેવા પાછળનો હેતુ એ હતો કે જો રાજા મૃત્યુ પામશે તો પહેલી નર્કે જશે.

ભગવાનની વાણી સાંભળીને શ્રેણિક રાજા ગભરાઈ ગયા. જ્યારે તેમણે ભગવાનને પોતાની નર્કગતિ થવા પાછળનું કારણ પૂછ્યું, ત્યારે ભગવાને જણાવ્યું કે, એક દિવસ શ્રેણિક રાજા શિકાર કરવા ગયા હતા, ત્યારે તેમણે બાણથી એક ગર્ભવતી હરણીને મારી નાખી હતી અને પછી ગર્વ કર્યો હતો કે તેમણે એક બાણથી બે જીવોને માર્યા. આવી ભયંકર હિંસા કર્યા બાદ ગર્વ થવાને કારણે તેમણે નર્કગતિ બાંધી હતી.





સાથે સાથે ભગવાને શ્રેણિક રાજાને એ પણ જણાવ્યું કે નરકનું આયુષ્ય પતાવીને શ્રેણિક રાજા ભરતક્ષેત્રમાં જન્મ લેશે અને પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થશે.



# જ્ઞાનીઓ કહે છે...



શ્રેણિક રાજા અહીં ભરતક્ષેત્રમાં પદ્મનાભ પ્રભુ તરીકે આવતી ચોવીસીમાં (લગભગ ૮૧,૦૦૦ વર્ષ પછી) પહેલા તીર્થંકર થશે.

શ્રેણિક રાજાને મહાવીર પ્રભુના ફક્ત દર્શન કરવાથી જ તીર્થંકર ગોત્ર બંધાયું. જ્યારે મહાવીર પ્રભુ પાસે એવાય જીવો આવેલા જેમને ભગવાનના દર્શન કરતા અવળા મશીન ફર્યા અને અનંત અવતાર થયા !

પ્રશ્નકર્તા : શ્રેણિક રાજા નર્કમાં ગયા એવું કહેવામાં આવે છે. તો એમણે પાપ કર્યા પછી પ્રતિક્રમણ નહીં કર્યું હોય ?


પૂજ્યશ્રી : શ્રેણિક રાજાની વાત જુદી છે. એ તો કેવા પાવરફુલ રાજા હતા ! એમણે મન-વચન-કાયાની એકતાથી ગુના કર્યા હતા. પ્રતિક્રમણ કર્યું તો હોય, પણ પાંચ કરોડની ખોટ હોય ને વીસ લાખનો પ્રૉફિટ એડ કરે તો શું થાય ?

આપણે શું કરવું એ આપણે સમજી લેવાનું. આ કળિયુગમાં તો બધી ખોટ પણ નાનકડી હોય. નાનકડી એટલે ? આપણે ગુનો કરીએ ને મન પાછું તરત બદલાઈ જાય અને બહુ પસ્તાવો થાય. બહાર નેગેટિવ બોલતો હોય અને મનમાં પસ્તાવો થતો હોય કે આ પાછું ક્યાં ઊંધું બોલાય છે ?! એટલે આપણે એકતાપૂર્વકનું જોર રહ્યું નહીં.

આપણે તો હવે ડાહ્યા થઈને દાદાની આજ્ઞા પ્રમાણે ચાલ્યા કરીશું.

# ચાલો રમીએ...

રસ્તો ભૂલેલા સૈનિકને મહેલ સુધી પહોંચવામાં મદદ કરો.





'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. પ્રકાશનનું સ્થળ : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,

સરનામું : B-99 GIDC, સેક્ટર – ૨૫, ગાંધીનગર – ૩૮૨૦૨૫

૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,

સરનામું : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧

૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.

૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૮–૩–૨૦૨૩, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

Akram Express

March 2023
Year : 15, Issue : 7
Conti. Issue No.: 175

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# રીઝો કેમ ચિંતામાં છે ?

રીઝોને શ્રેણિક રાજા વિશે એક નવી માહિતી મળી છે અને એ જોતા જ એ રઘવાયો થઈને એની ટોળીને શોધી રહ્યો છે. એને આલુ અને ચીલીના વિડિયો કોલ પણ ઉપાડ્યા નથી. આલુ એને 'કોલ ઑફ ડ્યૂટી' વિડિયો ગેમ રમવા બોલાવી રહ્યો છે. પણ રીઝોએ તો કોલ ઑફ ડ્યૂટી ગેમ જ ફોનમાંથી ડિલીટ કરી દીધી છે. એવું તો શું મળ્યું છે રીઝોને કે એણે એ ગેમ પોતાના ફોનમાંથી ડિલીટ કરી દીધી અને એ ખાધા-પીધા વગર પોતાની ટોળીને શોધી રહ્યો છે ? રીઝોના મનની વાત જાણવા અને 'થીઓ અને ફ્રેન્ડ્સ'ના વધુ એડ્વેન્ચર માણવા, આવતો અંક વાંચવાનું ભૂલતા નહીં...



**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.